ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૨૦

જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૯૮/૨૦૨૦/જીસીએસ/૧૦/૨૦૨૦/૧૧૫/છ(પા.ફા.૦૨)

પ્રસ્તાવના:

ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૭ મુજબ નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ છ મહિનાની અવધિમાં સભ્યોની સામાન્ય સભા બોલાવવાની હોય છે. તમામ સહકારી મંડળીઓમાં નાણાંકીય વર્ષ એપ્રિલ થી માર્ચ હોય છે. તેથી તમામ સહકારી મંડળીઓ સદરહુ કાયદાની જોગવાઈના કારણે મોડામાં મોડી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી વાર્ષિક સાધારણ સભાનુ ફરજિયાત આયોજન કરવાનું હોય છે.

કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સરકારશ્રીએ અનલોક-૩ ની ગાઇડલાઇન બહાર પાડેલ છે. તેમાં કોઈપણ સામાજીક/રાજકીય/રાજકીય/રમત-ગમત/મનોરંજન/શૈક્ષણિક/સાંસ્કૃતિક/ધાર્મિક કે અન્ય કોઈપણ પ્રકારના મેળાવડા કરવાની સ્પષ્ટ મનાઇ કરવામાં આવેલ છે. સહકારી મંડળીઓમાં મોટી સંખ્યામાં સભાસદો હોઈ સાધારણ સભામાં ઘણા બધા સભ્યો હાજર રહેતા હોય છે. આથી જો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં સાધારણ સભા બોલાવવામાં આવે તો સરકારશ્રીની અનલોક-૩ ની ગાઈડલાઈનનું પાલન થઈ શકે તેમ નથી. જે અન્વયે સહકારી મંડળીઓની સાધારણ સભા સંદર્ભે નીચે મુજબનુ જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

જાહેરનામુ:

રાજ્ય સરકાર ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ અધિનિયમની કલમ-૭૭ અન્વયે તમામ સહકારી મંડળીઓને સાધારણ સભા બોલાવવાની જોગવાઈમાંથી મુક્તિ આપી સાધારણ સભા બોલાવવાની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કરે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ એન. પટેલ)
નાયબ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સહકાર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
  - સંબધિતોને જાણ કરવાની વિનંતી સહ
- કલેકટરશ્રી, તમામ
- મેનેજરશ્રી, સરકારી પ્રેસ, ગાંધીનગર
  - સરકારી ગેઝેટ પાર્ટ-૪બીમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરીને સચિવશ્રી( સહકાર) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનાગર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરને ૨૦-૨૦ નકલો મોકલી આપવા વિનંતી.
- ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની તમામ શાખાઓ
- સિલેક્ટ ફાઈલ / શાખા ફાઈલ/ નાયબ સેકશન અધિકારી ફાઈલ.